ડીસામાં શિવાલયો 'ઓમ નમઃ શિવાય'ના નાદથી ગુંજી ઉઠ્યા

ડીસા, તા. ૨૮

દેશભરમાં પવિત્ર શ્રાવણ માસનો -રંભ થઈ ગયો છે. પુરાણોમાં જણાવ્યા -માણે જીવ અને શિવના મિલનનું પર્વ એટલે પવિત્ર શ્રાવણ માસ.આ સમગ્ર મહિના દરમ્યાન શ્રધ્ધાળુઓ મહાદેવનું સ્મરણ કરે છે,જયારે કેટલાંક ભાવિકભક્તો મહિનાના -ત્યેક સોમવારે માત્ર સાકરનું પાણી પીને આખો દિવસ ઉપવાસ રાખે છે.આ માસ દરમ્યાન મનુષ્ય શિવ પાસેથી જે કાંઈ માંગે છે પોતાની તકલીફોના નિવારણ

(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

માટે તેને મહાદેવ ઈચ્છાપૂર્તિ કરી આપે છે.શ્રાવણ માસ દરમ્યાન શિવ મંદિરોમાં સતત ઓમ નમઃ શિવાયના જાપ સાથે ધાર્મિક આયોજનો થતા રહેશે.

ત્યારે ડીસાના વિવિધ નામધારી શિવાલયો પણ વહેલી સરવારથી ઓમ નમઃ શિવાય, હર.હર.મહાદેવ, જય મહાદેવ ના નાદ ગુંજી ઉઠ્યા. પવિત્ર માસનો -રંભ થતાં અનેક શિવાલયો રોશનીથી ઝળહળી ઉઠયા છે. કેટલાંક શિવાલયોમાં જપ, તપ, દર્શન-અર્ચન અને રૂદ્રીના પાઠ સાથે શિવ ભક્તોની ભીડ જામી હતી. સમગ્ર ડીસા પંથક રવિવાર થી શિવમય બન્યુ છે.અને ડીસા નાં

શિવાલયો માં ભક્તજનો શિવદર્શન, પૂજા અર્ચના કરે છે અને ધન્યતા અનુભવે છે. રાજયભરની સાથે ડીસા પંથકમાં પણ વરસાદના પગલે સાથે સારા વર્ષનો વરતારો જોવા મળી રહેશે . ત્યારે પવિત્ર શ્રાવણ માસના -રંભે ડીસા માં આવેલા રીશાલેશ્વર મહાદેવ, નિલકંઠ મહાદેવ, પાતાળેસ્વર મહાદેવના મંદિર આજથી ભાવીકોની ભીડ જામી રહી છે તેમજ શિવ ભક્તો બિલીપત્ર, દૂધ-જળ-શેરડીનો રસ, મધ, પંચામૃતના અભિષેકથી શિવજીને રીજવવા નત-મસ્તક બન્યા છે,જેનાથી સમગ્ર ડીસા પંથક શિવમય બનેલ છે.

દેવાધી દેવ મહાદેવ...ભગવાન શિવશંભુની પવિત્ર આરાધના માટેના અતિ પાવન શ્રાવણ માસનો શુભ-રંભ સાથે જ હજારોની સંખ્યામાં શ્રધ્ધાળુઓ પોતાની તકલીફોનું નિવારણ તથા સુખ સંપતિ અને ધન-ઝિંના આશયથી પરમ પિતા પરમેશ્વરની કૃપા મેળવવા જાને હોડ લગાવી રક્ષા છે જેનાથી શહેર ભર નાં શિવાલયો હર હર મહાદેવ તથા ઓમ નમઃ શિવાયના નાદથી ગુંજી રક્ષા છે

તો વળી, આ સમયગાળા દરમ્યાન શિવ મંદિરો માં પુજાપાઠ અર્ચના, દુગ્ધાભિષેક, જળાભિષેક, રૂદ્રી, લઘુરૂદ્રી તથા સ્વર્ણાભિષેક સુધીના ધાર્મિક કાર્યક્રમો યોજાઈ રક્ષો છે.

મોડાસા શહેરમાં સામાન્ય બાબતે બે જુથો વચ્ચે પથ્થરમારો

મોડાસા તા.૨૮

ગઈકાલે રાત્રે અરવલલી જિલ્લાના મોડાસા શહેરમાં જીપ પાર્ક કરવા જેવી સામન્ય બાબતમાં બે જુથો વચ્ચે પથ્થરમારો થતાં મોડાસા શહેરમાં તંગદીલીભર્યુ વાતાવરણ થઈ ગયુ હતું.

આ અંગે પ્રાપ્ત માહિતી અનુસાર ગઈકાલે રાત્રે મોડાસા શહેરના ધોબીઢાળ માળીવાળ વિસ્તારમાં જીપ પાર્ક કરવા જેવી નજીવી બાબતે જુથ અથડામણ થવા પામી હતી. આ ઘટનાને પગલે ડી.વાય.એસ.પી. સહીતનો પોલીસનો કાફલો તાત્કાલીક ઘટના સ્થળે પહોચી ગયો હતો તથા પરીસ્થીતીને કાબુ માં લઈ લીધી હતી. ધોબીઢાળ વિસ્તારમાં એક જીપચાલક રાત્રીના સમયે જીપ પાર્ક કરીને ઘરે જઈ રહયો હતો ત્યારે તે સમયે મુસ્લીમ પરીવારને અંગત મુશકેલી હોવાને કારણે જીપ અન્ય

(તસવીર : સમીર બલોચ, મોડાસા)

જગ્યાએ પાર્ક કરવા જણાવતાં આ બાબતે ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યુ હતુ અને જોતજોતામાં બન્ને જુથના ટોળા સામ સામે આવી જતા પથ્થરમારો શરૂ થઈ ગયો હતો. આ પથ્થરમારામાં સફરી ફાતેમાબેન ગુલામનબીને ઈજાઓ પહોચતા તાત્કાલીક મોડાસાની સાર્વજનીક હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યા હતા.

તો બીજી બાજુ ઈદ નો તહેવાર નજીક આવતો હોઈ આ ઘટના ઉગ્ર સ્વરુપ ધારણ ના કરે તે માટે ઘટના સ્થળ ઉપર પોલીસ નો મોટો કાફલો ખડકી દેવામાં આવ્યો હતો.

દુઃખદ અવસાન

હરેશ ન્યુઝ પેપર એજન્સી, ભિલોડા, હરેશભાઈ ભગવાનદાસ

ત્રિવેદી, રાજેશભાઈ ભગવાનદાસ ત્રિવેદી, ભિલોડા પત્રકારના મોટા બા ડાહીબેન દેવશંકર ત્રિવેદી દેવલોક પામ્યા છે. સદ્‌ગતની અંતિમ યાત્રામાં લોકો જોડાયા હતા. સદ્‌ગતનુંબેસણુ ૩૧/૭/૨૦૧૪ ને ગુરૂવાર રોજ રાખેલ છે. સ્થળઃ- માતૃ-પિતૃ સમૃધ્ધી, જૈન દેરાસરની સામે, શ્રી ગાયત્રી મંદીરની બાજુમાં, તા.ભિલોડા, જી.અરવલ્લી.

ધનસુરામાં તસ્કરોનો તરખાટ

તસ્કરોએ એક રાતમાં ચાર સ્થળોએ ચોરી કરી મુદ્દામાલ લઈ ફરાર

ધનસુરા, તા. ૨૮

પવિત્ર શ્રાવણ માસ શરૂ થતા ધનસુરામાં તસ્કરોએ પ્રથમ દિવસે જ ચોરીના શ્રીગણેશ કર્યા હોય તેમ એક જ રાતમાં ચાર અલગ-અલગ સ્થળે ચોરી કરી ભારે તરખાટ મચાવ્યો હતો. પોલીસ આ મામલે ગુનો નોંધી તસ્કરોની શોધખોળ હાથ ધરી છે.

પવિત્ર શ્રાવણનો પ્રારંભ થતાં જ ઠેર-ઠેર જુગાર અને ચોરીના બનાવોમાં એકાએક વધારો થવા પામે છે. આ વખતે પણ પવિત્ર શ્રાવણ માસના પ્રથમ દિવસે જ તસ્કરો સક્રીય થઈ ગયા હતા અને ધનસુરા શહેરના અલગ-અલગ ચાર રહેણાંક મકાનને નિશાન બનાવી રોકડ રકમ, મોબાઈલ સહિતનો મુદ્દામાલ ચોરી કરી પલાયન થઈ ગયા હતા. મોડી રાત્રે તસ્કરોએ ધનસુરાની લક્ષ્મી પાર્ક સોસાયટીમાં નંદુભાઈ પટેલના મકાનના તાળા તોડી રૂ. ૪ હજાર રોકડ અને મોબાઈલ, ઘડી માર્ગ આવેલ ચોકીદાર રાકેશકુમારની ઓરડીમાંથી બે બિસ્કીટના થેલા, અન્ય એક ચોકીદારની ઓરડીમાંથી રૂ. ૧૫૦૦ રોકડ સહિત અન્ય સ્થળે એમ કુલ ચાર સ્થળોએ ચોરી કરી પલાયન થઈ ગયા હતા. એક જ રાતમાં ચાર અલગ અલગ સ્થળોએ ઘટેલી ચોરીની ઘટનાએ પોલીસની ઉંઘ હરામ કરી નાખી હતી. જ્યારે પોલીસના નાઈટ પેટ્રોલિંગ દાવા પોકળ સાબિત થયા હતા. પરિણામે રહિશોમાં ભયનો માહોલ પેદા થયો છે. ધનસુરા પોલીસે આ મામલે ગુનો નોંધી તસ્કરોની શોધખોળ તેમજ બનાવી છે.

પાલનપુરમાં શ્રાવણી જુગાર રમતા ૭ માલેતુજારો રંગેહાથ ઝડપાયા

પાલનપુર, તા. ૨૮

પાલનપુરમાં શ્રાવણ માસના પ્રારંભે જ ડીસા હાઈવે પર આવેલ પાઈપની ફેક્ટરી નજીકના ખેતરમાં શકુનિઓ શ્રાવણીયો જુગાર રમતા હોવાની બાતમી મળતા પોલીસે રેડ પાડીને રંગેહાથ ઝડપી લીધા હતા. પાલનપુરના પશ્ચિમ પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર બી.બી. મકવાણાએ તેમની ટીમ સાથે ખેતરને કોર્ડન કરી ૭ જુગારિઓને રૂ. ૪૨,૭૦૦ની રોકડ તેમજ જુગાર સહિત અને મોબાઈલ ફોન સાથે ઝડપી લીધા હતા.

આ રેડમાં પકડાયેલા જુગારિયાઓમાં દેવાભાઈ ચેલાભાઈ પટેલ (રહે. ચૌધરીવાસ, જામપુરા, જીઆઈડીસી), ગણેશભાઈ ગલબાભાઈ ચૌધરી (રહે. જસલેણી), મોઘજીભાઈ નારસંગભાઈ ચૌધરી (રહે. ચાંગા, તા. વડગામ), કાન્તિભાઈ નરસિંહભાઈ પટેલ (રહે. જુના લક્ષ્મીપુરા), ભેમજીભાઈ અંબારામભાઈ પટેલ (રહે. અર્બુદાનગર, પાલનપુર), ડાહ્યાભાઈ પરથીભાઈ ચૌધરી (રહે. ચડોતર) અને વિજયભાઈ લખમણભાઈ ચૌધરી (રહે. ચડોતર)ની જુગારધારા હેઠળ ધરપકડ કરવામાં આવી છે. આ માલેતુજાર જુગારિયાઓને છોડાવવા પશ્ચિમ પોલીસ સ્ટેશને સગા-સંબંધીઓના ટોળેટોળા એકત્ર થઈ ગયા હતા.

શ્રાવણ માસમાં ખેડબ્રહ્મા ખાતે જુગારધામ ધમધમ્યા

ખેડબ્રહ્મા શહેરમાં આડા દિવસોમાં લાખો રૂપિયાનો દારૂ પી જવાય છે. દારૂ પી દારૂડીયા છાટકા બની રોડ પર ફરતા હોય છે. પરંતુ શ્રાવણ માસમાં દારૂડીયાઓ શ્રાવણ માસના વ્રત કરતા હોયતેમ દારૂની હાટડીઓ પર રીતસરની મંદી જોવા મળે છે. જયારે શહેરમાં ખુણે ખાંચરે જુગારધામ ધમધમી ઉઠયા છે. દારૂડીયા દારૂ બંધ કરી જુગારમાં પૈસા વેડફી રહ્યા છે. દારૂની હાટડીઓ બંધ થતા હપ્તા લેતા અધિકારીઓને તહેવારોની સીઝનમાં મંદી આવી હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

તલોદમાં શિવાલયોમાં ભાવિકો ઉમટયા

તલોદ, તા.૨૮

પવિત્ર શ્રાવણ માસનો શુભારંભ થતાં જ તલોદના શ્રી એકલિંગેશ્વર મહાદેવ સહિતના તાલુકાના શિવાલયો ખાતે શિવભક્તોની ભીડ જોવા મળી હતી. કેટલાક શિવાલયોમાં માટીમાંથી હજારો શિવલિંગ બનાવી પાર્થિવ પૂજા-અર્ચના, રૂદ્રાભિષેક, લઘુ અને મહારૂદ્રનું આયોજન થઈ રહ્યું છે.

મુસ્લિમ સમાજના રોજાનો પવિત્ર ઉત્સવ અંતિમ તબક્કામાંથી પસાર થઈ રહ્યો છે ત્યારે તેવા સમયે હિન્દુ-સનાતન સમાજના પવિત્ર ધાર્મિક ઉત્સવ આ માસમાં આવી રહ્યા છે. જેમાં શ્રાવણીયા સોમવાર, રક્ષાબંધન, રાંધણછઠ્ઠ, શિતળા સાતમ, જન્માષ્ટમી, નંદમહોત્સવ, ફુલકાજળી, જીવંતિકા વ્રત, અજા એકાદશી અને શ્વેતાંબર સમાજના પર્યુષણ પર્વનો પણ સમાવેશ થાય છે.

તલોદ તાલુકાના શ્રી બિલેશ્વર મહાદેવ ખાતે તથા ઉજેડીયા ગામ ખાતે આવેલ શ્રી વૈજનાથ મહાદેવ અને વજાપુર ગામ ખાતે આવેલ શ્રી મહાકાલેશ્વર મહાદેવ ખાતે પણ જન્માષ્ટમીના પર્વ પ્રસંગે પરંપરાગત લોકમેળો ભરાશે. જેમાં તાલુકાના સંખ્યાબંધ ગામોમાંથી બાળકો અને યુવાનો સહિતના પ્રજાજનો ઉમટી પડશે.

શ્રાવણ સુદ એકમથી અમાસ સુધીના દિવસો દરમિયાન તલોદ ખાતે તળાવ કિનારે આવેલા શ્રી એકલિંગેશ્વર મહાદેવ ખાતે તથા મઠ વિસ્તાર સામે આવેલા શ્રી મઠેશ્વર મહાદેવ ખાતે પણ શિવપૂજન અને શિવ પાર્વતી આરાધના માટે મોટી સંખ્યામાં શિવભક્તો ઉમટી પડશે. પ્રાચિન મનાતા એવા શ્રી બિલેશ્વર મહાદેવ તથા શ્રી ગોરઠીયા મહાદેવ તથા શ્રી બૈજનાથ મહાદેવ અને મોડાસા-અમદાવાદ રોડ માર્ગ પર આવેલા વજાપુરા ગામના શ્રી મહાકાલેશ્વર મહાદેવ ખાતે પણ શિવભક્તો મોટી સંખ્યામાં ઉમટી પડીને દર્શન પૂજનનો લાભ લેશે.

સલાલના રામજી મંદિરના મહંત બ્રહ્મલીન થયા

તલોદ, તા. ૨૮

સાબરકાંઠા જિલ્લાના સલાલ ખાતે આવેલા શ્રી રામજી મંદિરના મહંતશ્રી વિશ્રામદાસજી મહારાજ ૮૫ વર્ષની જૈફ વયે તા. ૨૫-૭-૧૪ શુક્રવારના રોજ બ્રહ્મલીન થયેલ છે. મહંતશ્રીના દેહાવસાનને પગલે સલાલ પંથકના સમસ્ત ધર્મપરાયણ પરિવારજનોમાં વ્યથાની લાગણી ઉદભવી છે.

સલાલ ખાતેના શ્રી રામજી મંદિર પરિસરના જ આવાસમાં સવારના બ્રહ્મમુહૂર્તમાં બ્રહ્મલીન થયેલા મનાતા મહંતશ્રી વિશ્રામદાસજી મહારાજ ઉત્તરપ્રદેશના ગોરખપુર પંથકના મૂળ રહીસ હોવાનું જાણવા મળેલ છે. પૂ. મહંતશ્રી લક્ષ્મણદાસજીના પરમ શિષ્ય બની ચૂકેલા વિશ્રામદાસજી મહારાજે ૧૮ વર્ષની વયે પોતાના પરિવાર અને ઘરસંસારની માયાનો ત્યાગ કર્યો હતો. બાદ 'સાધુ તો ચાલતા ભલા'ની રસમ હેઠળ સમયાંતરે તેઓ શ્રી રામજી મંદિર સલાલ ખાતે આવી વસ્યા હતા.

છેલ્લા ૪૫ વર્ષથી તેઓ આ મંદિરનું પૂજા-અર્ચનાનું સંચાલન સંભાળતા હતા. આકમક તેવર સાથે પણ નિષ્ઠાવાન ફરજ બજાવવાની મહંતશ્રીની રીતભાતથી તેઓએ ભક્તોના દિલ જીતી લીધા હતા. છેલ્લા દિવસોમાં તેઓ સામાન્ય શારીરિક નાદુરસ્તીમાં સપડાયા હતા. જેમાં તા. ૨૪-૭-૧૪ ગુરૂવારે રાત્રે દાક્તરી સારવાર મુજબની દવાનો ડોઝ લઈને સુઈ ગયા બાદ તેઓ સદા સર્વદા માટે ચિર નિંદ્રામાં પોઢી ગયા હતા. તેઓને પોતાના અંત સમયની અંતઘડીનો અણસાર આવી ગયો હોવાનું તેમના આવાસની સ્થિતિ પરથી જણાતુ હોવાનું રામભક્તો કરી રહ્યા છે.

મોડાસા શહેરમાં એક જ રાત્રીમાં ચાર મકાનોના તાળાં તુટ્યાં

પોલીસના રાત્રી પેટ્રોલીગને વામણું સાબીત કરતાં તસ્કરો

મોડાસા તા.૨૮

અરવલ્લી જીલ્લાના મોડાસા

(તસવીર : સમીર બલોચ, મોડાસા)

શહેરમાં આવેલ રત્નમ સોસાયટી માં ગતરાત્રીએ એક સાથે ચાર મકાનો ને તસ્કરો દ્વારા નિશાન બનાવાતાં સોસાયટીના રહીશોમાં ફફળાટ ફેલાઈ ગયો છે.

જો કે મોડાસા શહેરમાં ચોરીની વાત કોઈ નવાઈની વાત નથી કેમ કે પાછલા બે વર્ષ દરમ્યાન મોડાસા શહેરમાં ચોરીના બનાવ એટલી હદે બનેલા હતા કે તેને મોડાસા શહેરની પોલીસ હજુ સુધી પણ સોલ્વ કરી શકી નથી ત્યારે ગત રાત્રીએ જીલ્લાના મુખ્ય મથક એવા મોડાસા શહેરમાં જયાં જીલ્લા પોલીસ અધીક્ષકશ્રીની કચેરી પણ આવેલી છે તેવા મોડાસા શહેરમાં આવેલ રત્નમ સોસાયટીમાં તસકરોએ એક સાથે ચાર મકાનોના તાળા તોટી હાહાકાર મચાવી દીધો હતો.

ત્યારે આશ્ચર્યની વાત તો એ છે કે આ તસ્કરો એ સરકારી અધીકારી એવા મામલતદાર ટુ કલેકટર એવા બી. ડી. સોલંકીના મકાનને પણ નિશાન બનાવ્યું હતું. જોકે તસકરોને જાણે આ ચાર મકાનોમાં વિલા મોઢે પાછા ફરવું પડયુ હોય તેવી પરીસ્થીતિનું નિર્માણ થવા પામ્યુ છે. કારણકે આ ચાર મકાનોમાંથી માત્ર ૪૫૦૦ જેટલી માતબર રકમની જ ચોરી થવા પામી હતી.

લાયન્સ અને લીઓ કલબ મોડાસાનો શપથવિધી સમારોહ યોજાયો

મોડાસા તા.૨૮

અરવલ્લી જીલ્લાના મોડાસા શહેરમાં આવેલી સેવાભાવી સંસ્થા જે હાલ સમગ્ર ભારતમાં સેવાનુ કામ કરી રહી છે તેવી સંસ્થા લાયન્સ કલબ અને લીઓ કલબના વર્ષ ૨૦૧૪ના હોદેદારોનો શપથવિધી સમારોહ મોડાસાના ટાઉનહોલ ખાતે યોજવામાં આવ્યો હતો.

આ શપથવિધી સમારોહ માં ડીસ્ટ્રીકટ ગર્વનર ભરતભાઈ મોદી ધ્વારા શપથ લેવડાવામાં આવ્યા હતા. મોડાસા શહરે ચાર રસ્તા પર આવેલ મહાલક્ષ્મી ટાઉનહોલ ખાતે લાયન્સ કલબ ડીસ્ટ્રીકટ ૩૨૩ બીનો શપથગ્રહણ યોજવામાં આવ્યોહતો. લાયન્સ સુર્વણ જયંતી વર્ષ ૨૦૧૪ અને ૧૫ એનરીચ લીવ સુત્રના નવા વર્ષની ટીમ તથા તેના પ્રમુખ લાયન પ્રવીણભાઈ પરમાર અને લાયોનેસ પ્રમુદ ડો મરીનાબેન પારેખ અને લીઓના પ્રમુખ ખીલન પટેલે તમામ આમંત્રીત મહેમાનો અને હોદેદારોની હાજરીમાં શપથગ્રહણ કર્યા હતા. સાંસદ દીપસીહ રાઠોડને મુખ્ય મહેમાન તરીકે આમંત્રણ આપવામાં આવ્યુ હતુ

આ શપથ ગ્રહણ સમારોહમાં મોડાસામાં ચાલતી સામાજીક સંસ્થાના પ્રમુખો અને મોડાસાના વરીષ્ઠ નાગરીકોને આમંત્રણ પાઠવવામાં આવ્યુ હતુ. જેમાં અરવલ્લી જીલ્લાના તેમજ સમારંભના અધ્યક્ષ તરીકે ડો. ટી. બી. પટેલ, ડો. ગૌરાંગ શરણ, ડો. દેવ આચાર્ય ઉપર્થીત રહયા હતા. આ પ્રસંગે તમામ લાયન્સ હોદેદારોએ આ હોદેદારોની વરણીને વધાવી લીધી હતી.

પાલનપુરની એમ.ડી. સોમાણી શાળામાં ચતુર્વિધ સન્માન સમારોહ યોજાયો

પાલનપુર, તા. ૨૮

પાલનપુરના ચંડીસર માધ્યમિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત એમ.ડી. સોમાણી હાઈસ્કૂલ અને યુ.બી. સોમાણી માધ્યમિક વિભાગના આચાર્યનો નિવૃત્ત, દાતાઓ અને ભૂતપુર્વ વિદ્યાર્થીઓનો સન્માન સમારંભ તાજેતરમાં શાળા ખાતે યોજાયો હતો.

સમારંભમાં શાળાના આચાર્ય સી.આર. ત્રિવેદીની સુદીર્ઘ શૈક્ષણિક સેવા આપ્યા બાદ તાજેતરમાં વય મર્યાદાના લીધે વયનિવૃત્ત થતા ભાવસભર રીતે સન્માનિત કરવામાં આવ્યા હતા. તેમજ પ્રાથમિક વિભાગમાં પાટણીઓને દાન કરનાર દાતાઓને સન્માનત કરવામાં આવ્યા હતા. ઉપરાંત શાળાના તમામ વિભાગમાં પ્રથમ બે ક્રમાંક મેળવનાર વિદ્યાર્થીઓને શિલ્ડ, પ્રમાણપત્ર તેમજ રોકડ ઈનામ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે ટ્રસ્ટના પ્રમુખ બાબુલાલ શાહ, ડૉ. સી.એસ. ચૌધરી, આરિફખાન પઠાણ, ડૉ. એસ.કે. મેવાડા, હસમુખલાલ મોદી, એસ.સી. સોમાણી, બી.પી. સોમાણી, આચાર્ય હરીભાઈ સોલંકી એન.એસ. બારોટ, બી.કે. જોષી વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ
AGL Radhe
TILES WORLD ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એક્સાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦